અપીલ અરજી નં.૨૪૭ તા.૨૯–૧૧–૦૮

અરજદારઃ શ્રી દંતાણી રાજેશભાઈ નારણભાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દંતાણી રાજેશભાઈ નારણભાઈની તા.૨૭–૬–૦૮ ની અરજીથી (૧) ગંગામૈયા ફલેટસનો મંજુર થયેલ પ્લાનની નકલ (૨) ઈમ્પેકટના કાયદાનીનકલ અને ગણતરીના નિયમો (૩) ૨૦૨ ફલેટનું કેટલું બાંધકામ ગેરકાયદેસર છે તે જણાવવું અને વધારાની ઈમ્પેકટ ફી જણાવવા અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૭/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી દંતાણી રાજેશભાઈ નારણભાઈની તા.૨૭–૬–૦૮ ની અરજીથી (૧) ગંગામૈયા ફલેટસનો મંજુર થયેલ પ્લાનની નકલ (૨) ઈમ્પેકટના કાયદાનીનકલ અને ગણતરીના નિયમો (૩) ૨૦૨ ફલેટનું કેટલું બાંધકામ ગેરકાયદેસર છે તે જણાવવું અને વધારાની ઈમ્પેકટ ફી જણાવવા અંગે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળતા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ ચાર માસના સમયગાળા બાદ વિલંબીત અપીલ અરજી એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૧–૦૮ ના રોજ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૦ તા.૪–૧૨–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ જણાવવામાં આવેલ નથી.

અરજદારની અપીલ અરજી ચાર માસના સમયગાળા બાદ વિલંબિત રીતે કરવામાં આવેલ છે જે અંગે વિલંબ માફ કરવા અંગે અરજદારે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે અપીલના તબકકે મુળ અરજીથી અલાયદો રૂા.૭૫૦૦/– ઈમ્પેકટ ફી કેવી રીતે થાય છે? તે અંગેની માહિતી માંગતો મુદ્દો રજૂ કરલ છે. જેનો સમાવેશ આરટીઆઈની તેમની મુળ અરજી જે કતારગામ ઝોન ખાતે ઈન્વર્ડ નં.૬૪ તા.૨૭–૬–૯૮ થી રજૂ થયેલ છ જેની નકલ ખાતા મારફતે અત્ર ે મળેલ છે તેમાં નથી.

### *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની વિલબંના કોઈ પણ વાજબીપણા વિનાની કલમ–૧૯(૧) હેઠળની અપીલ ગ્રાહય રાખવા પ્રથમદર્શી કોઈ કારણ જણાતું ન હોઈ અપીલ ગ્રાહય રાખવામાં આવતી નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે. તેમ છતાં આરટીઆઈ કાયદાની કલમ–૨૫ (૩) (એફ) ની જાહેર સત્તામંડળ ધ્વારા કાયદાના હાર્દ અને હેતુ અપનાવવા તથા અમલી કરણ સંદર્ભે પ્રયત્નોની જોગવાઈ ધ્યાને લઈ અરજદારને જાહેર માહિતી અધિકારી સમક્ષની મુળ અરજીના ઉપલક્ષ્યમાં કાયદાની કલમ–૭ (૧) તથા ૭(૩) તેમજ નિયમ–૫(બી) સાથે રાખી નિયત દસ્તાવેજ ફી જે કિસ્સામાં ભરાવા પાત્ર થતી હોય ત્યાં તેવી કાર્યવાહી અપનાવી દિન–૩૦ માં અરજીનો નિકાલ કરી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દંતાણી રાજેશભાઈ નારણભાઈ,